# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, જા.આ.બાંધકામ વિભાગ,

"જલ-ભવન" બીલખા રોડ, જુનાગઢ.

મો. નં. ૯૯૭૮૪૦૬૫૪૨ - (૦૨૮૫) -(O) ૨૬૨૫૦૩૬ (Fax No. ૦૨૮૫ ૨૬૫૦૭૦૧)


નં.પીબી/ગીરનાર પર્વત પા.પુ.યોજના/જુનાગઢ/ ૪૭૮૨

૨૦/૧૨/૨૦૧૭

પ્રતિ

કલેકટરશ્રી,

જુનાગઢ જીલ્લો,

જુનાગઢ

વિષયઃ- જુનાગઢ ગિરનાર પર્વત પાણી પુરવઠા યોજના માટે ફોરેસ્ટ પ્રપોઝલ (FCA-1980 Act) અંતર્ગત FRA-2006 પ્રમાણપત્ર આપવા બાબત.

સંદર્ભઃ- ૧) આ કચેરીનાં પત્ર નં. પીબી/ગીરનાર પર્વત પા.પુ. યોજના/ ૪૭૧૭ તા. ૨૦.૧૨.૨૦૧૭

૨) ગુજરાત સરકાર વન અને પર્યાવરણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંક FCA/૧૦૧૩/એસ.એફ.૩૯ તા. ૧૧.૦૯.૨૦૧૩

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે જુનાગઢ ગિરનાર પર્વત પાણી પુરવઠા યોજના માટે જુનાગઢનાં ધારાગઢ હેડવર્કસથી ગિરનાર અંબાજી સુધી પીવાનાં પાણીની પાઇપલાઇન નાંખવાની કામગીરી કરવાની થાય છે જે અંતર્ગત ગિરનાર પર્વતની સીડીને સમાંતર અંબાજી સુધીની પાઇપલાઇનની પથરેખા વન વિભાગમાં આવતી હોય વન વિભાગની મંજુરી માટે સંદર્ભ-૧ હેઠળનાં પત્રથી જરૂરી દરખાસ્ત વન વિભાગને સાદર કરવામાં આવેલ છે સુચીત કામગીરીમાં ભવનાથ તળેટીમાં આવેલ ઓમકારેશ્વર મંદિરની બાજુમાં ૧૦.૦૦ લાખ લી.ક્ષમતાનો સમ્પ બાનાવી આ સમ્પથી અંબાજી મંદિર સુધી ગીરનાર સીડીને સમાંતર ૪૦૦૦ મી.લંબાઇમાં પાઇપ લાઇન તેમજ ગીરનાર પર્વત પર જુદી જુદી ત્રણ જગ્યાએ સમ્પ બનાવવાની કામગીરી માટે ૮૩૦૦ ચો.મી. જમીન ફોરેસ્ટ વિસ્તારમાં આવતી હોય આ માટે ફોરેસ્ટની મંજુરી અર્થે દરખાસ્ત કરેલ છે. આ સાથે પ્રોજેક્ટ નોટ તેમજ જરૂરી લે આઉટ પ્લાન્ટ સામેલ રાખેલ છે.

આ દરખાસ્ત માટે સંદર્ભ-૨ હેઠળનાં પરીપત્ર અન્વયે ફોરેસ્ટ પ્રપોઝલ (FCA-1980 Act) અંતર્ગત FRA-2006 પ્રમાણપત્ર Form-1 & Form-2 કલેકટરશ્રી, જુનાગઢ દ્વારા આપવાનું થાય છે જે પરીપત્રની નકલ આ સાથે સામેલ છે. આથી સદરહુ વિગતે જરૂરી પ્રમાણપત્ર અત્રેની કચેરીને આપવા યોગ્ય થવા વિનંતી.

બિડાણઃ- ઉપર મુજબ

કાર્યપાલક ઇજનેર
જા.આ.બાંધકામ વિભાગ,
જુનાગઢ

**નકલ જયભારત સાથ રવાના પ્રતિઃ-**

નાયબ વનસરંક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, સરદારબાગ, જુનાગઢ – તરફ જાણ સારૂ.

**નકલ રવાના પ્રતિઃ-**

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.સુ.પેટા વિભાગ, જુનાગઢ – તરફ જાણ સારૂ.




Scanned by CamScanner